# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૪૫, એપ્રિલ - મે ૨૦૧૮

## ઓગણજ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન





## મન જાગૃત મહિલા મંડળ દ્વારા પ્રવાસનું આયોજન

## નિવૃત્ત થનાર સિવિલ સેકશનના અધિકારીશ્રીઓ માટે યોજાયો વિદાય સમારંભ







## કસ્ટમર કેર સેન્ટરની લોકાર્પણ વિધિ સંપન્ન

# આ અંકમાં

**વર્ષ–૬ અંક–૪૫,**
**એપ્રિલ – મે ૨૦૧૮**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી સ્વરૂપ પી., આઈએએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી મિતેશ વૈષ્ણવ, સિનિયર આસિસ્ટન્ટ

**તંત્રી મંડળ**
શ્રી એ. કે. મંગલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચઆર)
શ્રી જી.એચ. એન્જિનીયર, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી એલ. એફ. ડાભી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી વી. એમ. શ્રોફ, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી એલ. એ. ગઢવી, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા–૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

## આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

agmhr@ugvcl.in
managercc@ugvcl.in
mitesh@ugvcl.com
cccell@ugvcl.com

## આ અંકમાં

**ઉદ્‌ઘાટન**
» ઓગણજ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન...................... ૦૪

**લોકાર્પણ**
» કસ્ટમર કેર સેન્ટરની લોકાર્પણ વિધિ સંપન્ન..... ૦૫

**વિદાય સમારંભ**
» વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર સિવિલ સેક્શનના અધિકારીશ્રીઓ માટે યોજાયો વિદાય સમારંભ........................ ૦૬

**સંક્ષિપ્ત સમાચાર**
» ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ૧૪મા કંપની દિવસની ઉજવણી ....................... ૦૭
» પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશનનો વાર્ષિક સમારંભ યોજાયો......................... ૦૮
» આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યુજીવીસીએલ, મહેસાણા સંચાલિત મન જાગૃત મહિલા મંડળ દ્વારા પ્રવાસનું આયોજન.......................... ૦૯
» યુજીવીસીએલ કર્મચારીની પુત્રી સારેગામાની ગુજરાત લેવલની સિંગિંગ કોમ્પીટીશનમાં ઝળહળી......................... ૧૦
» જેટકો પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ૧૨મી ઈન્ટરસર્કલ–પાવરસ્ટેશન સંગીતસ્પર્ધા ૨૦૧૭–૧૮નું આયોજન......... ૧૦

**કંપની સમાચાર**
» ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સ્પોટ્‌ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટેના કેલેન્ડરની જાહેરાત...................... ૧૧
» ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં યોજાનાર વિવિધ સ્પોટ્‌ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટેના કેલેન્ડરની જાહેરાત............ ૧૨

**શ્રદ્ધાંજલિ**
» શ્રી ડામોરના દુઃખદ અવસાન નિમિત્તે શોક સભાનું આયોજન.......................... ૧૩

**ઉજવણી**
» વીજ સલામતી સપ્તાહ–એક સંદેશ.............. ૧૪

# સંદેશ



**વીજ પુરવઠો વિશ્વસનીય હોય તો આપણા સૌના જીવનમાં એક અવર્ણનીય નિરાંત રહે છે અને વિશ્વસનીય વીજળીથી જ દેશનો વિકાસ અવિરત આગળ વધતો રહે છે. એ દૃષ્ટિએ આપણા સૌનું કામકાજ બહુ જ મહત્ત્વનું છે.**

**પ્રિય કર્મચારી મિત્રો,**

'આપણું યુજીવીસીએલ' ન્યૂઝ લેટરના માધ્યમથી આપ સૌ સાથે સંવાદ સાધતા હું અત્યંત આનંદ અનુભવું છું.

યુજીવીસીએલ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યભાર સંભાળ્યા પછી છેલ્લા કેટલાંક સમયથી હું આપણી કંપનીનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરી રહ્યો છું. મને એ જાણીને ખૂબ આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે આપણી આ કંપનીએ માત્ર ગુજરાત નહીં પરંતુ સમગ્ર ભારતમાં એક અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે નામના મેળવી છે. પાછલા કેટલાંય વર્ષોમાં કંપનીએ રાષ્ટ્રિય સ્તરના જે સંખ્યાબંધ પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝ મેળવ્યા છે તે આ વાતની સાબિતી છે.


મને એ વાતની પણ ખુશાલી છે કે ચોમાસા દરમિયાન અણધાર્યા વધુ પડતા વરસાદ જેવી કુદરતી આફતના સંજોગમાં વીજ પુરવઠો ખોરવાય ત્યારે આપ સૌ દિવસ-રાત જોયા વગર વિપરિત સંજોગોમાં પણ કામ કરીને વીજ પુરવઠો પૂર્વવત કરો છો. ગયા વર્ષે આવી સ્થિતિ સર્જાઇ ત્યારે આપ સૌની પ્રશંસનીય કામગીરીની રાજ્ય સરકાર અને મંત્રીમંડળના સ્તરે ખાસ નોંધ લેવાઈ હતી.

એ જ રીતે ધાર્મિક તહેવારો દરમિયાન આપણા કાર્યક્ષેત્રમાં આવતા ધાર્મિક સ્થાનોમાં જ્યારે બહુ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે ત્યારે પણ આપ સૌ સંનિષ્ઠ ફરજ બજાવો છો એ પણ મારા ધ્યાનમાં આવ્યું છે.

આ બધું ત્યારે જ શક્ય બને જ્યારે આપ સૌ આપની કામગીરી માત્ર ફરજ ગણીને નહીં પરંતુ કાર્યધર્મ સમજીને તેને પૂર્ણ કરો. આવા સંનિષ્ઠ કર્મચારીઓ ધરાવતી કંપની એક ઉજ્જ્વળ અને ગૌરવવંતી પરંપરા ઊભી કરે એમાં કોઈ જ નવાઈ નથી.

મને ખાતરી છે કે મારા કાર્યકાળ દરમિયાન મને આપ સૌનો સહકાર સાંપડતો રહેશે અને આપ સૌની સલામતી સાથે આપણા ગ્રાહકોને વિશ્વસનીય વીજ પુરવઠો આપતા રહીશું.

શુભેચ્છાઓ સાથે,



**સ્વરૂપ પી.**, આઇએએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# ઓગણજ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું ઉદ્‌ઘાટન

તારીખ ૨૩-૦૫-૨૦૧૮ના રોજ ઓગણજ પેટા વિભાગીય કચેરીની નવીન ઓફિસનું યુજીવીસીએલના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ.ના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.

સૌ પ્રથમ ગણેશપૂજન અને મંત્રોચાર સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ સ્વાગત પ્રવચનમાં સાબરમતી વર્તુળ કચેરીના અધિક્ષક ઇજનેર શ્રી વી.એમ. શ્રોફ દ્વારા જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ, કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ તથા આમંત્રિત મહેમાનોને આવકારવામાં આવ્યાં હતા.

જનરલ મેનેજર (ફાઇનાન્સ) અને સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી તથા વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવ્યું હતું.

માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી. દ્વારા ઉદ્‌બોધનમાં ગ્રાહકોની અપેક્ષાને ધ્યાનમાં રાખી લોકાભિમુખ વહીવટ થાય તેવી અપેક્ષા જણાવવામાં આવી હતી. વીજવિક્ષેપ રહિત પુરવઠો









તથા કચેરીમાં આવતા ગ્રાહકોને સારી સેવા મળે તેની અગત્યતા સમજાવી, ભૌગોલિક વિસ્તાર મુજબ ગ્રાહકો માટે સુવિધાજન્ય સજાગતા બાબતે ભાર મુક્યો હતો. અંતે, ઉપસ્થિત તમામ અધિકારીશ્રીઓ / કર્મચારીઓ તથા ઓગણજ પેટા વિભાગીય કચેરીની સમગ્ર ટીમને માનનીય મેનેજિંગ ડિરેક્ટરશ્રી દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ■

# કસ્ટમર કેર સેન્ટરની લોકાર્પણ વિધિ સંપન્ન

**વીજ ફરિયાદ માટે ગ્રાહકોએ વીજ કચેરીએ જવું ના પડે, તે હેતુથી ૨૪ કલાક અને સાતેય દિવસ કાર્યરત કસ્ટમર કેર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પોતાના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવાના સદંતર પ્રયત્નો માટે કાર્યરત હોય છે.

ગ્રાહકલક્ષી વિવિધ વીજ સંબંધિત સેવાઓ માટે આપણી કંપની અગ્રેસર રહેલી છે, જેના કારણે કંપનીએ અવિરત વીજ પુરવઠો પૂરો પાડવા માટે દેશભરમાં અગ્રગણ્ય વીજ વિતરણ કંપનીઓમાં મોખરાનું સ્થાન ધરાવે છે.






કંપનીને વિશિષ્ટ પ્રકારની સેવાઓ આપવા બદલ અનેક રાષ્ટ્રીય તથા રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ્સ પણ મળેલ છે.

ગ્રાહક લક્ષી સેવાઓને વધુ વેગ આપવા કંપની દ્વારા વીજળીને લગતી વિવિધ બાબતો જેવી કે વીજ પુરવઠો બંધ હોય અથવા અન્ય કોઈ પણ વીજ ફરિયાદ માટે ગ્રાહકોએ વીજ કચેરીએ જવું ના પડે, તે હેતુથી ૨૪ કલાક અને સાતેય દિવસ કાર્યરત કસ્ટમર કેર સેન્ટર શરૂ કરવામાં આવેલ છે.



આ કસ્ટમર કેર સેન્ટર દ્વારા ગ્રાહકો કંપનીના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૫ અથવા ૧૯૧૨૧ પર વિના કોઈ ચાર્જ એટલે કે મફતમાં ફોન કરી વીજ ફરિયાદ નોંધાવી શકે છે.

કંપની દ્વારા ઉચ્ચ કક્ષાની સેવા પુરી પાડવાના હેતુસર ફાઈવ સ્પ્લેશ એજન્સીને કામ સોંપવામાં આવ્યું છે.

આ એજેન્સી દ્વારા ૨૪ કલાક કર્મચારીઓ ફરજ બજાવશે અને ટોલ ફ્રી નંબર પર વીજ ફરિયાદો નોંધીને જે તે પેટા વિભાગીય કચેરીને જાણ કરશે જેથી વીજ ફરિયાદોનો ત્વરિત નિકાલ કરી શકાય અને ગ્રાહકોને સંતોષ પૂરો પાડી શકાય.



આ એજન્સીની લોકાર્પણ વિધિમાં કંપનીના મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે.મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ■

### વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર

# સિવિલ સેક્શનના અધિકારીશ્રીઓ માટે યોજાયો વિદાય સમારંભ








તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ ઓફિસ ખાતે સિવિલ સેક્શનમાં અધિક્ષક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી એચ. પી. દવે અને કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એસ. ગુપ્તાને વય મર્યાદાના કારણે થતી નિવૃત્તિને સન્માનવા માટે વિદાય સમારંભ બપોરે ૪ વાગે કોન્ફરન્સ હોલ ખાતે યોજાયો હતો.

શ્રી એચ. પી. દવે અને શ્રી એસ. એસ. ગુપ્તા વય મર્યાદાના કારણે કોર્પોરેટ ઓફિસમાંથી તા. ૩૦ એપ્રિલ, ૨૦૧૮ના રોજ નિવૃત્ત થયા.

આ પ્રસંગે કંપનીના જનરલ મેનેજર (ફાઈનાન્સ) & સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી, વિશેષ મહાપ્રબંધક (માનવ સંસાધન) શ્રી એ. સી. પ્રજાપતિ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ અને કર્મચારી ભાઈઓ-બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને નિવૃત્ત થનાર શ્રી એચ. પી. દવે અને શ્રી એસ. એસ. ગુપ્તાને સારા સ્વાસ્થ્ય માટે અને પ્રવૃત્તિમય જીવન પસાર કરવા શુભેચ્છાઓ આપી હતી.

વિદાય સમારંભમાં શ્રી જોષીએ પુષ્પગુચ્છથી શ્રી એચ. પી. દવેને આવકાર્યા હતા. શ્રી એચ. પી. દવેને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી કાર્યપાલક ઈજનેર શ્રી કે. ડી. ચૌધરીએ સન્માનિત કર્યા હતા. શ્રી કોઠારીએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી એચ. પી. દવેની સેવાઓને બિરદાવી હતી.

શ્રી કોઠારીએ ચેક અર્પણ કરી નિવૃત થનાર શ્રી એચ. પી. દવેને શુભકામનાઓ પાઠવી હતી અને શાલ ઓઢાડીને નિવૃત થનાર શ્રી એચ. પી. દવેને સન્માન આપ્યું હતું.

વિદાય સમારંભમાં શ્રી એ.સી. પ્રજાપતીએ પુષ્પગુચ્છથી શ્રી એસ. એસ. ગુપ્તાને આવકાર્યા હતા. શ્રી એસ. એસ. ગુપ્તાને શ્રીફળ, સાકર અને ચાંદીનો સિક્કો અર્પણ કરી શ્રી બલાતે સન્માનિત કર્યા હતા. શ્રી જોષીએ પ્રશસ્તિપત્ર આપીને શ્રી એસ. એસ. ગુપ્તાની સેવાઓને બિરદાવી હતી.

શ્રી જોષીએ ચેક અર્પણ કરી નિવૃત્ત થનાર શ્રી એસ. એસ. ગુપ્તાને શુભકામનાઓ પાઠવી હતી અને શાલ ઓઢાડીને નિવૃત્ત થનાર શ્રી એસ. એસ. ગુપ્તાને સન્માન આપ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં સિવિલ સેક્શનના કાર્યપાલક ઈજનેર







શ્રી કે. ડી. ચૌધરીએ શ્રી એચ. પી. દવે અને શ્રી એસ. એસ. ગુપ્તાની સેક્શનમાં કામગીરી બાબતે પ્રશંસા કરી હતી અને તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા.

સમારંભમાં શ્રી એચ. પી. દવેએ અને શ્રી એસ. એસ. ગુપ્તાએ પોતાના કાર્યકાળ દરમિયાન બનેલા મહત્ત્વના પ્રસંગોને વર્ણવ્યા હતા અને પોતાના સંસ્મરણો યાદ કર્યા હતા.

ત્યારબાદ કોર્પોરેટ ઓફિસની પરંપરા પ્રમાણે નિવૃત્તિ સમારંભમાં હાજર તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીઓને આઈસક્રીમ ખવડાવી વિદાય સમારંભની પુર્ણાહુતી કરવામાં આવી હતી અને શ્રી એચ. પી. દવે અને શ્રી એસ. એસ. ગુપ્તાને ભાવ-સભર વિદાય આપવામાં આવી હતી. ■

# ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ૧૪મા કંપની દિવસની ઉજવણી

રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપની તરીકે લોકોની સેવા કરવાની મળેલ અમૂલ્ય તક દ્વારા સમગ્ર ભારતની શ્રેષ્ઠ વીજ વિતરણ કંપની હોવાની વાત આપણને ગૌરવ અપાવે તેવી છે. સૌના સહિયારા પુરૂષાર્થ દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ સ્થાન આપણા માટે તેમજ આપણી કંપની માટે સુવર્ણકાળ પુરવાર થયેલ છે.

તારીખ ૦૧-૦૪-૨૦૦૫ના રોજ ગુજરાત વિદ્યુત બોર્ડનું કંપનીકરણ કર્યા બાદ અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડે સફળતાના સોપાનો સર કરીને, ઉત્તરોત્તર પ્રગતિ સાથે ૧૩ વર્ષ પુરા કરી ૧૪મા વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે. કંપની દિવસ નિમિત્તે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર. બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓએ કંપનીમાં કાર્યરત અધિકારીશ્રીઓ/કર્મચારીઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી હતી.

આ વર્ષે પહેલી એપ્રિલના રોજ રવિવારની જાહેર રજા હોવાથી, સક્ષમ અધિકારીશ્રીની સૂચના પ્રમાણે ૦૨ એપ્રિલ-૨૦૧૮ના રોજ કંપની દિવસની ઉજવણી કરવામાં આવેલ. જે અંતર્ગત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળ આવતી તમામ કચેરીઓના અધિકારીશ્રીઓ/કર્મચારીઓમાં આઈસ્ક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આમ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળ આવતી તમામ કચેરીઓમાં કંપની દિવસની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા રિબન કાપીને અજેન્સીની લોકાર્પણ વિધિ કરવામાં આવી હતી. ત્યાર બાદ ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ■

# પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશનનો વાર્ષિક સમારંભ યોજાયો

પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશન દ્વારા યોજાનાર વાર્ષિક સમારંભ માટે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી બી.એ. શાહ, આઈ.એ.એસ. તથા સી.એસ.આર. કમિટીના અને સી.એસ. આર. સેલના સભ્યોને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

આમંત્રણ મુજબ શ્રી શાહને પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશન દ્વારા યોજાનાર વાર્ષિક સમારંભના દીપ પ્રાગટ્યની વિધિ કરવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.



સી.એસ.આર. કમિટીના સભ્ય અને કંપનીના બોર્ડમાં ડિરેક્ટર તરીકે સેવા આપતા પ્રોફેસર શ્રી અજય પાંડે અને પ્રોફેસર (ડૉ.) બી. એ. પ્રજાપતિને પણ ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

આ સમારંભમાં સી.એસ.આર. સેલના તમામ સભ્યોને પણ વિશેષ આમંત્રણ આપવામાં આવ્યું હતું. સી.એસ.આર. સેલમાં સામેલ છે – મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી એ.કે. મંગલ, મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઇનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોષી, એડિશનલ જનરલ મેનેજર (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ અને મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે.કે. સથવારા.

તા. ૧૧ માર્ચ ૨૦૧૮ના રોજ અમદાવાદ ખાતે એચ. કે. કોલેજના ઓડિટોરિયમ (હોલ)માં પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશનનો વાર્ષિક સમારંભ યોજાયો.

અનિવાર્ય સંજોગોના કારણે શ્રી બી. એ. શાહ, શ્રી અજય પાંડે, શ્રી બી. એ. પ્રજાપતિ, શ્રી એ. કે. મંગલ, શ્રી પી. બી. પંડ્યા, શ્રી આર. બી. કોઠારી અને શ્રી એ. સી. પ્રજાપતિ આ સમારંભમાં આવી શક્યા નહિ.

કંપનીના સી.એસ.આર. સેલ વતી કંપની સેક્રેટરી શ્રી એન. એમ. જોષી અને મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) શ્રી કે. કે. સથવારાએ આ સમારંભમાં હાજરી આપી હતી. ઉપરાંત અધિક્ષક ઈજનેર (સિવિલ) શ્રી એચ. પી. દવેએ પણ આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી.

ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા સમારંભની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને જાહેર કરવામાં આવ્યો હતો.

પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી જોષીએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા મળી રહેલ વોકેશનલ કોર્સની જાણકારી અને શિક્ષણ દ્વારા આ વિશિષ્ટ બાળકોને પોતાના પગ પર ઊભા રહી શકાય અને પરિવાર કે સમાજના કોઈ પણ વ્યક્તિ ઉપર નિર્ભર ના રેહવું પડે, તેવી રીતે સ્વાવલંબી બનાવવામાં આ પ્રોજેક્ટ આવા વિશેષ બાળકોને મદદરૂપ થશે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની કોર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી પોલિસી હેઠળ ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીને આપેલ અનુદાન (સી.એસ.આર. ફંડ) અન્વયે પર્લ સ્પેશ્યલ નિડ્ઝ ફાઉન્ડેશન દ્વારા કાર્યાન્વિત આ પ્રોજેક્ટ ગુજરાત સી.એસ.આર. ઓથોરિટીના સંચાલન હેઠળ કાર્યાન્વિત છે.

સંસ્થામાં ચાલતા વિશિષ્ટ બાળકો માટેના વોકેશનલ કોર્સીસ અને તેની ઉપયોગિતા વિશે કંપની અધિકારીશ્રીઓએ માહિતી મેળવી હતી અને શુભેચ્છાઓ પાઠવી હતી. ■

# આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યુજીવીસીએલ,

# મહેસાણા સંચાલિત મન જાગૃત મહિલા મંડળ દ્વારા પ્રવાસનું આયોજન

દર વર્ષે વિશ્વભરમાં ૦૮ માર્ચના રોજ 'મહિલા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે અને મહિલાઓનું સન્માન કરવામાં આવે છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં મનજાગૃત મહિલા મંડળ કાર્યરત છે. જેનું સંચાલન મહિલા કર્મચારીઓ તેમજ અન્ય કર્મચારીઓની ગૃહિણીઓ દ્વારા કરવામાં છે. મન જાગૃત મહિલા મંડળ દ્વારા દર વર્ષે મંડળના સભ્યો માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. મંડળનો મુખ્ય ઉદ્દેશ ઘર-કુટુંબ અને ઓફિસની રોજિંદી પ્રવૃત્તિઓ કરતી મહિલાઓને વિશિષ્ટ પ્રકારની અલગ અલગ પ્રવૃત્તિઓ, પ્રવાસ વગેરે દ્વારા માનસિક શાંતિ અને તણાવ મુક્ત વાતાવરણ આપવાનો છે, જે મહિલાઓના ઉત્થાન માટેનો ખૂબ જ સુંદર પ્રયાસ કહી શકાય.

તારીખ ૦૮/૦૩/૨૦૧૮ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે મનજાગૃત મહિલા મંડળ તરફથી બ્લિસ એક્વા વર્લ્ડ (વોટર પાર્ક), મહેસાણા ખાતે મનોરંજન પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલી બહેનોએ ઉત્સાહ-પૂર્વક ભાગ લીધો હતો. વોટર પાર્કમાં ઉપસ્થિત બહેનો માટે બપોરે જમવાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તમામ બહેનોએ આનંદમય દિવસ પસાર કર્યો હતો અને એવી લાગણી વ્યક્ત કરી હતી કે વર્ષ દરમિયાન આ પ્રકારના એક કે બે કાર્યક્રમ યોજવા જોઈએ, જેથી મહિલાઓને રોજિંદા જીવનની ઘટમાળથી કંઈક ‘‘અલગ’’ કરવાની અનુભૂતિ થાય અને તણાવ મુક્ત થઈ પોતાની કામગીરી સારી રીતે કરવા સક્ષમ બને.










પ્રવાસમાં ભાગ લીધેલ તમામ બહેનોએ મનજાગૃત મહિલા મંડળનો તેમજ આયોજક મહિલાઓનો આભાર માન્યો હતો. આમ, મનજાગૃત મહિલા મંડળ દ્વારા મહિલાઓ માટે ખૂબ જ સરસ રીતે મનોરંજન પ્રવાસનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ■

# યુજીવીસીએલ કર્મચારીની પુત્રી સારેગામાની ગુજરાત લેવલની સિંગિંગ કોમ્પીટીશનમાં ઝળહળી

સારેગામા દ્વારા ગુજરાતના અલગ અલગ શહેરોમાંથી સારી ગાયકી ધરાવતા ગાયકોની શોધ કરીને ગુજરાત લેવલના એક સિંગિંગ કોમ્પીટેશનનું આયોજન કરવામાં છે. જેમાં અદ્ભુત સ્વર ધરાવતા ગાયકોનો સમાવેશ કરવામાં આવે છે.

યુજીવીસીએલની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે ફરજ બજાવતાં શ્રી સુરેન્દ્રસિંહ રાજપૂતની દીકરી વૈષ્ણવીએ છ રાઉન્ડ સફળતાપૂર્વક ક્લિયર કરીને અમદાવાદની ખજાના મ્યુજીકલ ગ્રુપ દ્વારા આયોજિત સારેગામા ગુજરાત કોમ્પીટીશનના





ગ્રાન્ડ ફિનાલેમાં પોતાનું નામ અંકિત કરાવ્યું હતું.

તારીખ ૦૯-૦૨-૨૦૧૮ના રોજ આ કોમ્પીટીશનના ગ્રાન્ડ ફિનાલેનું આયોજન અમદાવાદમાં આવેલા પંડિત દીનદયાલ ઓડીટોરીયમ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્યના વિવિધ શહેરોમાંથી આવેલા લગભગ ૧૮૦૦ જેટલા ગાયકો વચ્ચે સિંગિંગ કોમ્પીટેશન યોજાઈ હતી અને કુમારી વૈષ્ણવી આ કોમ્પીટીશનના ટોપ-ટેનમાં આવીને તેઓના પરિવાર તેમજ યુજીવીસીએલને ખૂબ જ ગર્વ અપાવ્યું હતું.

આ ઉપલબ્ધી માટે યુજીવીસીએલ કુમારી વૈષ્ણવી તથા તેમના પરિવારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ■

# જેટકો પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ૧૨મી ઈન્ટરસર્કલ-પાવરસ્ટેશન સંગીતસ્પર્ધા ૨૦૧૭-૧૮નું આયોજન

જેટકો પાલનપુર વર્તુળ કચેરીના યજમાન પદે કોન્ફરન્સ હોલ, સર્કલ ઓફિસ, જેટકો, પાલનપુર ખાતે તારીખ ૨૪-૦૨-૨૦૧૮થી ૨૫-૦૨-૨૦૧૮ દરમિયાન ૧૨મી ઈન્ટરસર્કલ-પાવરસ્ટેશન સંગીતસ્પર્ધા ૨૦૧૭-૧૮નું આયોજન કરવામાં આવ્યું.

આ સ્પર્ધામાં ભજન, ગઝલ, હળવું કંઠ્ય ગીત, વાદ્ય સંગીત અને સમૂહ ગીત એમ પાંચ ભાગ રાખવામાં આવ્યા હતાં.

આ સ્પર્ધામાં જેટકો-સર્કલ ઓફિસ / પાવર સ્ટેશન / ઝોનલ ઓફિસ / કોર્પોરેટ ઓફિસ / જીયુવીએનએલ તથા જીયુવીએનએલના તાબા હેઠળ આવતી તમામ કચેરીઓના વડાશ્રીઓએ સ્થાનિક લેવેલે સ્પર્ધાત્મક રીતે સ્પર્ધાના વિવિધ ભાગ માટે જે-તે કચેરીના અધિકારીશ્રીઓ/કર્મચારીઓની પસંદગી કરી હતી.

જે-તે કંપની ખાતે પસંદગી પામેલ અધિકારીશ્રીઓ / કર્મચારીઓએ આ સંગીતસ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવો કર્યા હતાં અને વિવિધ ગીતો, સ્વર, તાલ, લય અને વાદ્યસંગીતના તાલે સંગીતમય વાતાવરણ ઊભું કર્યું હતું.

સ્પર્ધાના અંતે અગાઉ નક્કી કરેલા નિયમો પ્રમાણે વિવિધ શ્રેણીમાં ઉત્કૃષ્ટ દેખાવ કરેલ અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને ઈનામ આપી પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

આમ, જેટકો પાલનપુર વર્તુળ કચેરી દ્વારા ૧૨મી ઈન્ટરસર્કલ-પાવરસ્ટેશન સંગીતસ્પર્ધાનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ■

# ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સ્પોટ્ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટેના કેલેન્ડરની જાહેરાત

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ અને તેની સંલગ્ન કંપનીઓ માં દર વર્ષે વિવિધ સ્પોટ્ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. સૌ પ્રથમ તમામ કંપનીઓમાં સમયાંતરે અગાઉથી નક્કી કર્યા મુજબ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સંલગ્ન કંપનીઓમાં અલગ-અલગ વર્તુળ કચેરીઓ ખાતે આંતર વર્તુળ સ્પર્ધાઓ અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યાર બાદ અલગ અલગ કંપનીઓમાંથી વિવિધ સ્પર્ધાઓમાં પસંદગી પામેલા અધિકારીશ્રીઓ/કર્મચારીઓ તથા ટીમ માટે કંપની લેવલે સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષના જેમ આ વર્ષે પણ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તમામ સંલગ્ન કંપનીઓમાં સ્પોટ્ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ કેલેન્ડર સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જે મુજબ તમામ કંપનીઓમાં આંતર વર્તુળ સ્પર્ધાઓ થયા બાદ વિવિધ આંતર કંપની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા આંતર કંપની સ્પોટ્ર્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટે સુનિશ્ચિત કરવામાં આવેલ કેલેન્ડર નીચે પ્રમાણે છે.

| Name of Tournament | Hosted By | Place of Tournament | Date of Tournament and Selection for GUVNL Team | Last Date of submission the names to GUVNL and Host. |
|---|---|---|---|---|
| Bridge Tournament | SE (O&M), Valsad,DGVCL | Navsari | 23/06/2018 to 25/06/2018 | 10/06/2018 |
| Carrom | UGVCL Corporate Office, Mehsana | Mehsana | 14/07/2018 to 16/07/2018 | 30/06/2018 |
| Table Tennis Tournament | GETCO, Circle Office | Bharuch | 10/08/2018 to 12/08/2018 | 26/07/2018 |
| Chess Tournament | GSECL, TPS, Gandhinagar | Gandhinagar | 08/09/2018 to 10/09/2018 | 24/08/2018 |
| Badminton Tournament | GUVNL Rec.Club/SWO Deptt. | Vadodara | 06/10/2018 to 08/10/2018 | 23/09/2018 |
| Volley Ball Tournament | GSECL, Corporate Office, Vadodara | Vadodara | 28/10/2018 | 12/10/2018 |
| Kabbadi | MGVCL Corporate Office, Vadodara | Vadodara | 18/11/2018 | 05/11/2018 |
| Cricket-(Tournament) &Selection of GUVNL team | PGVCL, Circle Office, Anjar | Gandhidham | 22/12/2018 to 24/12/2018 & selection 25/12/18 | 10/12/2018 |
| Tennis Tournament | PGVCL Corporate Office, Rajkot | Rajkot | 06/01/2019 to 08/01/2019 | 22/12/2018 |
| Music (Inter Circle/P.S.) | Date and Place will be decided lateron | Date and Place will be decided lateron | January-2019 | |
| Drama (Inter Circle/P.S.) | Date and Place will be decided lateron | Date and Place will be decided lateron | January-2019 | |

# ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં યોજાનાર વિવિધ સ્પોર્ટ્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટેના કેલેન્ડરની જાહેરાત

ઉત્તર ગુજરાત વીજ કંપની અને તેની વિવિધ ક્ષેત્રીય કચેરીઓમાં, સુનિશ્ચિત કરવામાં આવેલા અલગ અલગ સ્થળો પર દર વર્ષે વિવિધ સ્પોર્ટ્સ અને કલ્ચરલ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. શરૂઆતમાં યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં આવતી તમામ વર્તુળ કચેરીઓ ખાતે, વર્તુળ કચેરી લેવેલે વિવિધ સ્પોર્ટ્સ અને સાંસ્કૃતિક સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યાર બાદ અલગ અલગ વર્તુળ

**આંતર વર્તુળ સ્પોર્ટ્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ માટે સુનિશ્ચિત કરવામાં આવેલ કેલેન્ડર નીચે પ્રમાણે છે.**

**Sports Calendar of UGVCL for the year 2018-19**

| Sr. No. | Name of Tournament | Hosted by Circle Office | Players send for Inter Company Tournamet | | Players for Inter Circle Tournamant | | Last Date for submission of Name to Corporate Office | Date of Inter Circle Tournament |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | Men | Women | Men | Women | | |
| 1 | 2 | 3 | 4 | | 5 | | 6 | 7 |
| 1 | Bridge | Palanpur | 6 | 0 | 6 | 0 | 10/05/2018 | 20/05/2018 |
| 2 | Carrom | Sabarmat | 6 | 4 | 6 | 4 | 15/05/2018 | 26-27/05/2018 |
| 3 | Table Tennis | Himatnagar | 5 | 4 | 5 | 4 | 04/06/2018 | 17/06/2018 |
| 4 | Chess | Mehsana | 5 | 4 | 3 | 2 | 07/07/2018 | 28-29/07/2018 |
| 5 | Badminton | Himatnagar | 5 | 4 | 5 | 4 | 31/07/2018 | 19/08/2018 |
| 6 | Volley-Ball | Himatnagar | 12 | 0 | 12 | 0 | 20/08/2018 | 16/09/2018 |
| 7 | Kabbadi | Mehsana | 10 | 0 | 10 | 0 | 15/09/2018 | 14/10/2018 |
| 8 | Cricket | Sabarmati | 16 | 0 | 16 | 0 | 30/10/2018 | 30/11 & 01-02/12/2018 |
| 9 | Tennis | Palanpur | 5 | 0 | 5 | 0 | 30/11/2018 | 16/12/2018 |

**યુજીવીસીએલમાં વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે રમાનાર તમામ સ્પર્ધાઓ માટે દરેક વર્તુળ કચેરી ખાતે સ્પોર્ટ્સ કમિટી બનાવવામાં આવી છે, જેની વિગતો નીચે પ્રમાણે છે.**

**Sports committee of UGVCL for the year 2018-19**

| R&C Office, Mehasana | Mehasana DO | Himatnagar CO | Palanpur CO | Sabarmati CO |
|---|---|---|---|---|
| Shri J.K. Bhayani, Executive (HR) M. 7575006047 | Shri H.M. Pandor, Assistant Secretary M. 9909934687 | Shri. K.V. Kalasava, I/c. Assistant Secretary M. 8980031054 | Shri. T.B. Baranda, I/c. Assistant Secretary M. 8238017504 | Shri. L.N. Mahida, Assistant Secretary M. 9909940536 |
| Shri N.D. Goswami, I/c. Dy. Supdt. (EST) M. 9979665166 | Shri M.A. Hingu, Senior Assistant M. 9428663455 | Smt. Shilpaben Patel, Junior Engineer M. 9925212466 | Shri N.A. Patel, Senior Assistant M. 9687656846 | Shri P.B. Bhanderi, Senior Assistant M. 8866896154 |
| Shri N.M. Pahelamani, Senior Assistant M. 9998829224 | Shri Mitesh Shah Junior Assistant M. 9662534771 | Shri D.I. Kumpavat, Senior Assistant M. 9687656848 | Smt. K.M. Prajapati, Senior Assistant M. 9428949656 | |
| Shri P.B. Prajapati, Junior Assistant M. 9099963866 | | Shri Nirav Desai Junior Assistant M. 7016640257 | | |




કચેરીઓ ખાતેથી વિવિધ સ્પર્ધાઓમાં પસંદગી પામેલા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓ તથા ટીમ માટે આંતર વર્તુળ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે.

દર વર્ષના જેમ આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વીજ કંપની તમામ ક્ષેત્રિય કચેરીઓમાં સ્પોર્ટ્સ અને કલ્ચરલ સ્પર્ધાઓ કેલેન્ડર સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જે મુજબ તમામ વર્તુળ કચેરીઓમાં સ્પર્ધાઓ થયા બાદ વિવિધ આંતર વર્તુળ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૮-૧૯થી ઈન્ટરસર્કલ / પાવર સ્ટેશન સંગીત સ્પર્ધા અને નાટ્ય સ્પર્ધા અલગ અલગ સ્થળે અલગ અલગ સમયે યોજાશે. ઈન્ટરસર્કલ/ પાવર સ્ટેશન સંગીત સ્પર્ધા અને નાટ્ય સ્પર્ધાની તારીખ તથા સ્થળની જીયુવીએનએલ દ્વારા પસંદગી થયેથી જણાવવામાં આવશે. ■

# શ્રી ડામોરના દુઃખદ અવસાન નિમિત્તે શોક સભાનું આયોજન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વર્તુળ કચેરી હિંમતનગર ખાતે નાયબ મહાપ્રબંધક (આઈ.આર.) તરીકે ફરજ બજાવતા શ્રી સ્ટીવન્સન વાય. ડામોરનું તારીખ ૧૮-૦૫-૨૦૧૮ના રોજ શેલ્બી હોસ્પિટલ, અમદાવાદ ખાતે સારવાર દરમિયાન અકાળે દુઃખદ અવસાન થયેલ છે.

સદગતની શોક સભા કંપનીની કોર્પોરેટ ઓફિસના કોન્ફરન્સ હોલ ખાતે તા. ૨૨-૦૫-૨૦૧૮ના રોજ બપોરે ૪ વાગે યોજવામાં આવી હતી.

આ શોક સભામાં માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી સ્વરૂપ પી., આઈ.એ.એસ., મુખ્ય ઈજનેર (પી.પી.) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ) સી.એફ.ઓ. શ્રી આર.બી. કોઠારી, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, એડિશનલ ચીફ એન્જિનીયર (સિવિલ) શ્રી પી.જે. ત્રિવેદી, એડિશનલ જનરલ મેનેજર (મા. સં.) શ્રી એ.સી. પ્રજાપતિ, એડિશનલ ચીફ એન્જિનીયર (પ્રોજેક્ટ) શ્રી એસ.એ. પટેલ તથા અન્ય ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



પ્રસંગ દરમિયાન હાજર તમામ અધિકારીશ્રીઓ-કર્મચારીઓ દ્વારા મૌન પાળીને સદગતના આત્માની શાંતિ માટે પ્રભુપ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. એડિશનલ જનરલ મેનેજર (મા. સં.) શ્રી એ.સી. પ્રજાપતિએ સદગત માટે શોક સંદેશ વાંચી સંભળાવ્યો હતો.

આ શોક સભા દરમિયાન મહેસાણા લેબ ખાતે સિનિયર ટેક્નિશિયન તરીકે ફરજ બજાવતા શ્રી શર્માને હાલમાં થયેલ દુઃખદ અવસાન અંગે હાજર અધિકારીશ્રીઓ તથા કર્મચારી ભાઈઓ-બહેનોએ શ્રદ્ધાંજલિ અર્પી હતી.

શ્રી ડામોરના અવસાનથી કંપનીનો કર્મચારી પરિવાર ઊંડા આઘાત સાથે શોકની લાગણી અનુભવે છે.

દિવંગતના આત્માને પ્રભુ ચીર શાંતિ અર્પે અને તેઓના પરિવાર ઉપર આવી પડેલ અણધારી આફતને સહન કરવાની શક્તિ આપે તેવી પરમ કૃપાળુ પરમાત્માને સૌ કોઈએ મૌન પાળીને પ્રાર્થના કરી હતી. ■

# ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
# મહેસાણા.

CIN : U40102GJ2003SG0042906



## "વીજ સલામતી સપ્તાહ-એક સંદેશ"

પ્રિય કર્મચારી મિત્રો,

દરેક વર્ષની જેમ તા. ૦૧/૦૬/૨૦૧૮ થી ૦૭/૦૬/૨૦૧૮ દરમ્યાન આપણી કંપની દ્વારા 'વીજ સલામતી' સપ્તાહની ઉજવણી કરવાનું આયોજન કરેલ છે તેના ઉપલક્ષ્યમાં આપ સર્વેને મારી ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવું છું.

વીજ વિતરણ અંગેની કામગીરી સુચારૂ રીતે થાય તેમજ ગ્રાહકોનો વિશ્વાસ વધે તથા વિક્ષેપમાં, ફરીયાદોમાં ઘટાડો થાય તે માટે આપણે સતત પ્રયત્નશીલ છીએ. વીજ વિક્ષેપ તથા વીજ વિતરણની કામગીરીમાં જો સાવચેતી ન રાખીએ તો ક્યારેક વીજ અકસ્માત થાય છે તેમજ જીવલેણ પણ બની શકે છે જેની સીધી અસર આપના કુટુંબીજનો ઉપર થાય છે. કંપની પણ આ અંગે સતત ચિંતિત છે.

વીજ અકસ્માત થવાના મુખ્ય કારણોમાં વધુ પડતો આત્મવિશ્વાસ, ઉતાવળ, સલામતીના સાધનોની અવગણના અને કામકાજ પ્રત્યેની નિષ્કાળજી હોવાનું પ્રાથમિક તારણોમાં જાણવા મળેલ છે. છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન થયેલા ખાતાકીય વીજ અકસ્માતની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ | પ્રાણઘાતક અકસ્માત | બિનપ્રાણઘાતક અકસ્માત |
|---|---|---|
| ૨૦૧૫-૧૬ | ૦૩ | ૧૪ |
| ૨૦૧૬-૧૭ | ૦૪ | ૧૪ |
| ૨૦૧૭-૧૮ | ૦૫ | ૧૪ |

આપ સર્વેની તેમજ આપણા વિસ્તારમાંના સર્વે વ્યક્તિની જીંદગી અમુલ્ય હોઈ વીજ અકસ્માત ન થાય તે માટે જાગૃત થઈને હવે પછીના સમયગાળામાં આપણી કામગીરી અકસ્માત રહિત જ નહી પરંતુ ભવિષ્યમાં પણ અનિચ્છનીય ઘટના રહિત રહે તે માટે પ્રયત્નો કરવા માટે અનુરોધ કરું છું.

કામ કરવા ગયેલ કર્મચારી કામ પૂર્ણ કરી હેમખેમ પરત ફરે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી આપ સર્વેની સફળ કામગીરી માટે સહકાર માગું છું.

વીજ સલામતીના નિયમોનું ચુસ્તપણે પાલન કરી તેમજ વીજ સલામતીના સાધનો જેવા કે સેફટી બેલ્ટ, હેલ્મેટ, રબરના હાથ મોજા, ગમ બુટ, અર્થીંગ રોડ, ઓપરેટીંગ રોડનો ઉપયોગ કરી અકસ્માત રહિત કામગીરી કરશો તેવી અપેક્ષા રાખું છું. વધુમાં આપ સર્વેને મારી નમ્ર વિનંતી કે આ વાત માત્ર 'વીજ સલામતી' સપ્તાહ પૂરતી જ સીમિત ન રાખતાં આખા વર્ષ દરમ્યાન દરેક સપ્તાહને 'વીજ સલામતી' સપ્તાહ તરીકે ઉજવણી કરીને સફળ બનાવીએ.

આપ સર્વેને વિનંતી કે વીજળી બચાવવા માટે આપ, આપના કુટુંબીજનો તથા માનવંતા ગ્રાહકોને વીજળી બચત અંગેની પુરેપુરી સમજૂતી આપવી જેથી વીજ વ્યયમાં કાપ મૂકીને પોતાના તેમજ રાષ્ટ્રના હિત માટે વીજળી બચાવી શકાય.

આપની હર હંમેશા કુશળતા ઈચ્છતો.

(સ્વરૂપ પી., આઈએએસ)
મેનેજિંગ ડિરેકટરશ્રી
યુજીવીસીએલ, મહેસાણા.

તારીખ :- ૦૧/૦૬/૨૦૧૮

## હંમેશા આટલું જરૂરથી કરશો

- સલામતીના નિયમોનું ચોક્સાઇ પૂર્વક પાલન કરો.
- આપના સાધનોના ઇન્સ્યુલેશનની નિરંતર ચકાસણી કરો.
- હંમેશા બુટ, યુનિફોર્મ, હાથમોજા, આઇડેન્ટી કાર્ડ વગેરે હાથવગા રાખો.
- દરેક કાર્ય કરતી વખતે સલામતીને પ્રાધાન્ય આપો.
- લાઇન ઉપર કામ કરતાં પહેલાં અર્થીંગ રોડથી લાઇન ડીસ્ચાર્જ કરવી અને સ્થળ ઉપર અર્થીંગ (ત્રણ ફેઝ) કરીને જ કામ કરવું.
- હંમેશા કોઇ પણ જગ્યાએ પાવર ચાલુ સમજીને સાવચેતી પૂર્વક વર્તવું.
- સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે ધીરજપૂર્વક કામ કરવું.
- કામ કરતાં પહેલાં લાઇનની સંપૂર્ણ ટેકનીકલ માહિતી મેળવી, કામ પત્યા બાદ માટી તથા ખાડા વ્યવસ્થિત રીતે પુરી દેવા.
- કોઇ પણ કામ શરૂ કરતાં પહેલાં તેને બરાબર સમજી લેવું.
- યોગ્ય જગ્યાએ યોગ્ય સાધનોનો જ ઉપયોગ કરો.
- કામ કરવાની ધગશ કેળવી મન હંમેશાં કામમાં જ પરોવો.
- ટીમના કર્મચારીઓ વચ્ચે કામની યોગ્ય સોંપણી કરી, એકબીજાના સંપૂર્ણ સહકારથી કામ કરવું.

## આટલું તો ખાસ ધ્યાનમાં રાખવું

- કામ કરતી વખતે મજાક મસ્તી ન કરવી.
- કામ કરતી વખતે વ્યસન ન કરવું.
- ચાલુ પાવરમાં કામ કરનાર વ્યક્તિને અડકવું નહી તથા તેનાથી સલામત અંતરે ઉભા રહેવું.
- કારણ વગર ઉતાવળ ન કરવી.
- કોઇપણ કામમાં વધુ પડતા અને ખોટા આત્મવિશ્વાસમાં ન રહેવું.
- માનસિક ચિંતામાં બિનસલામત રીતે કામ ન કરવું.
- ક્યારેય ઇલેક્ટ્રીક કનેક્શન લુઝ ન રાખવા.
- સુરક્ષાના સાધનોની અવગણના ન કરવી.
- કામમાં બેધ્યાનપણું ન રાખવું.
- કામ કરતી વખતે મોબાઈલનો ઉપયોગ ના કરવો.

## સુવાક્યો :-

- થોડીક જાગૃતતા, જિંદગીભરની સલામતી.
- પોતાના તેમજ રાષ્ટ્રના હિત માટે વીજળી બચાવો.
- વીજ વ્યયમાં મૂકીએ કાપ તો બચશે પૈસા આપો આપ.
- જીંદગી છે કિંમતી અમાનત, રાખો અકસ્માતથી સલામત.

DSM & Safety Cell 01-06-2018

# સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત




આપણું
યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઇલ આઈડી પર મોકલી શકો છો.


**agmhr@ugvcl.in**
**managercc@ugvcl.in**
**mitesh@ugvcl.com**
**cccell@ugvcl.com**